ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વન વિસ્તારની ફેન્સીંગમાં નજર નાંખો ત્યાં ગાબડા અને ગંદકી : કુમળા રોપાઓના ઉછેર સામે ખતરો

**સ્માર્ટ સીટીને વધુ હરિયાળુ બનાવવા માટે નવા રોપાઓ ઉછેરવામાં આવી રહ્યા છે : છાશવારે ફેન્સીંગનુ કામ હાથ ધરાય છે એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ : ચિથરેહાલ ફેન્સીંગનુ કાયમી નિરાકરણ આવતુ નથી : સે-૧૭ એકઝિબ્યુશન સેન્ટર પાસે કોર્પોરેશને તૈયાર કરેલી લોખંડની ગ્રીલવાળી ફેન્સીંગ વનતંત્ર માટે પણ નમુનારૂપ છે**





ગાંધીનગર તા ૧૦

સ્માર્ટ ગાંધીનગરમાં મુખ્યમાર્ગો આસપાસ નિખરતી હરિયાળી વચ્ચે બિહામણાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વન આરક્ષિત વિસ્તારમાં એકબાજુ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે પરંતુ આ વિસ્તારની જાળવણી અને સફાઈના નામે તો મીંડુ ચિતરાયેલુ છે..જ..ત્યારે છાશવારે તુટેલી ફેન્સીંગના દ્રશ્યો સામે આવતા નાગરિકો પણ શહેરના ચિથરેહાલ વન વિસ્તારની હાલત જોઈને વ્યથિત છે. ફેન્સીંગમાં ઠેર ઠેર સિમેન્ટની થાંભલીઓ જમીનદોસ્ત થઈ ગઈ છે. ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. લાખોના ખર્ચે પર પાણીઢોળ થઈ ગયુ છે. આ ફેન્સીંગનો કોઈ હેતુ સરતો નથી ત્યારે આ તબક્કે વનવિભાગે કોર્પોરેશન પાસેથી શીખ લેવા જેવી છે. શહેરના સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર પાસે લોખંડની ગ્રીલ તૈયાર કરીને અંદર નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી છે. સ્માર્ટ લુક ધરાવતી આ ફેન્સીંગ મજબુત અને દેખાવમાં પણ સ્માર્ટ મિજાજને અનુરૂપ છે. ત્યારે આ નમુનારૂપ કામગીરી વનવિભાગ પણ અપનાવે તેવી સ્થાનિકોની લાગણી અને માંગણી છે. વનતંત્ર પણ સ્માર્ટ દ્રષ્ટિકોણ નહીં અપનાવે તો હજુ પણ મુખ્યમાર્ગો આસપાસ વન વિસ્તારમાં રખડતા ઢોર, ગંદકી અને દબાણોની સમસ્યાઓ યથાવત રહેવાની જ છે.

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે અનેકવિધ પ્રોજેકટ પર કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં માળખાગત સુવિધાના કામોની સાથે વિકાસના અનેકવિધ પ્રોજેકટને અમલી બનાવાયા છે. નગરને સ્વચ્છ , સુંદર અને રળિયામણુ બનાવવા માટે અને નાગરિકોને યોગ્ય સુવિધા પુરી પાડવા માટે વિવિધ કામો અન્વયે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગરને વધુ હરિયાળુ બનાવવા માટે સેકટરોમાં તેમજ નગરના ઉભા આડા માર્ગોની આસપાસ નવા રોપાઓની પણ વાવણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરના માર્ગોની વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ બોગન વેલ સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. જો કે નવા રોપાઓની વાવણી બાદ ઉછેર માટે વન આરક્ષિત વિસ્તાર હજુ કંગાળ હાલતમાં જોવા મળી રહ્યો છે. તુટેલી ફેન્સીંગ , રખડતા ઢોર અને દબાણોની ભરમાર વચ્ચે વન આરક્ષિત વિસ્તાર ચિથરેહાલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રવાસન મંત્રીએ ફલેગ ઓફ આપતાં દાંડી કુટિરથી "લાલપરી લંડન ચલી..!!"

**આજે ગાંધીનગરથી લાલપરીની લંડન સુધીની અનોખી યાત્રાનો શુભારંભ : ૧૯૫૦માં બનેલી આ વિન્ટેઝ કાર સાથે પિતા, દીકરી અને દાદા રોમાંચક ૧૨હજાર કિમીનો પ્રવાસ ખેડશે**




ગાંધીનગર, તા. ૧૦

પેલું કહેવાય છે ને કે "શૌખ બડી ચીઝ હૈ" અને માનવીને જીવનમાં કોઈકને કોઈક શાખ હોવો જરૂરી છે જેના થકી જીવન મજેદાર બને છે તેવો નિષ્ણાંતોનો મત છે. આજે ગાંધીનગરની દાંડી કુટિર ખાતેથી અમદાવાદના વિન્ટેઝ કારના શોખીને ગાંધીનગરથી લંડન સુધીના પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. "લાલપરી" નામની આ વિન્ટેઝ કારને ગુજરાતના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ પ્રસ્થાન કરાવ્યું હતું.

આજે સવારે ગાંધીનગરમાં દાંડી કુટિર ખાતેથી ૧૯૫૦ની વિન્ટેજ કાર "લાલ પરી"ને ફલેગ ઓફ મળતાં જ તેના ભારતથી લંડન સુધીના ૧૬ દેશોને પાર કરતી ૧૨ હજાર કિમીની અસાધારણ સફરની શરૂઆત થઈ હતી. આ ઐતિહાસિક સફરની શરૂઆત દામન ઠાકોરના નેતૃત્વમાં, એમના પિતા અને દીકરી સાથે થઈ હતી. બે વર્ષથી વધુ સમયથી તેઓ દ્વારા આ અવિશ્વસનીય પ્રવાસનું આયોજન અને તૈયારી કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# રાંધેજા-બાલવા-માણસા માર્ગને ફોરલેન કરવા માટે ૮૦ કરોડનો ખર્ચ કરાશે

**સાંકડા માર્ગ પર વાહનોની અવરજવર સરળ અને માર્ગ સલામતીના પરિબળો જળવાય તે માટે સ્થાનિકો દ્વારા અવારનવાર રજુઆતો પણ કરવામાં આવી હતી : આગામી રવિવારે ગાંધીનગરના સાંસદ અમિત શાહના હસ્તે ખાતમુહુર્ત કરાશે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરમાં તમામ મુખ્યમાર્ગો સિકસલેન છે. જયારે સેકટરોના એપ્રોચ માર્ગોને પણ ફોરટ્રેક કરવા માટે આયોજન કરાયુ છે. આ ઉપરાંત શહેરની સાથે જિલ્લાની સાથે જોડાયેલા વિવિધ માર્ગોને પણ તબક્કાવાર અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં પણ નાગરિકોને સલામત અને સરળ રોડ નેટવર્ક મળી રહે તે માટે તબક્કાવાર માર્ગોના રીસરફેસીંગ તેમજ વાઈડનીંગનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર વિસ્તારના રાંધેજાથી બાલવા તરફ જતા ૮ કી મી ના માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરવામાં આવશે જેની પાછળ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત બાલવા માણસા રૂટને ફોરલેન કરવા માટે પણ ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કાર્યયોજનાને અનુલક્ષી આગામી રવિવારે ગાંધીનગરના સાંસદ અમિત શાહ દ્વારા ખાતમુહુર્ત પણ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્યના મહિલા ધારાસભ્યોને વિશેષ ભેટ

**મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારમા આ વર્ષ રોડ-રસ્તાના કામો માટે સવા કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવાશે**

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યનાં મહિલા ધારાસભ્યોને લોકહિતનાં કામો માટે મળતી નિયમિત ગ્રાન?ટમાં ૨૦૨૩-૨૪નાં વર્ષ માટે સવા કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત વિધાનસભામાં વિધાયક તરીકે જન પ્રતિનિધિત્વ કરતા ૧૨ મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને તેમના વિસ્તારોમાં રોડ-રસ્તાનાં વિવિધ કામો માટે વધારાના સવા કરોડ રૂપિયાની ગ્રાન્ટ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આ મહિલા જનપ્રતિનિધિ હિતલક્ષી નિર્ણયની ફળશ્રુતિએ મળશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અંગે રાજ્યના મહિલા ધારાસભ્યોએ કરેલી રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે આ નિર્ણય કર્યો છે.




ગાંધીનગરને સ્માર્ટ લુક આપવા માટે અનેકવિધ યોજના પર કામ ચાલી રહ્યુ છે. પરંતુ સ્માર્ટ સીટીમાં વસવાટ કરવા માટે નગરજનોએ પણ સ્માર્ટ મિજાજ અપનાવવો પડશે શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા અને ફુટપાથને પણ નાગરિકો દ્વારા નુકશાન કરવામાં આવતુ હોવાનુ ધ્યાને આવે છે. જયારે સેકટરોમાં મુકાયેલા સાઈન બોર્ડસની પણ દશા ખરાબ થઈ જાય છે. શહેરના ઘ- ૬ થી ખ-૬ જવાના રૂટમાં રાહદારીઓને દીશાસુચન કરતા સાઈન બોર્ડસ પણ કેટલાક તત્વો દ્વારા તોડી નાંખવામાં આવ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે.



આઝાદીની ચળવળમાં પોતાના પ્રાણોનું બલિદાન આપનાર શહીદ વીર-વીરાંગનાઓને ઉચિત સન્માન પ્રદાન કરવાના પાવન ધ્યેય સાથે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ "મેરી માટી, મેરા દેશ" "હર ઘર તિરંગા" તેમજ "તિરંગા યાત્રા" અભિયાનના પૂર્વ આયોજનના ભાગરૂપે આજરોજ મેયરશ્રી હિતેશભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે બેઠક યોજાઈ. જેમાં આ અભિયાનને વધુમાં વધુ સફળ બનાવવા અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, ડે. કમિશનરશ્રી કેયુરભાઈ જેઠકે, કાઉન્સિલરશ્રીઓ, શહેર મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, સંગઠનના હોદેદારશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં વરસાદી વાદળો ગોરંભાયા પણ વરસ્યા નહી : નગરજનો ઉકળાટથી તોબા

**સવારથી જ આકાશી નઝારો બદલાયો નાટયાત્મક હવામાન પલ્ટાના અંતે છુટાછવાયા ઝરમરિયા ઝાપટા બાદ વરસાદી વાદળો અદ્રશ્ય થઇ ગયા : વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનો પરેશાન**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે હાજરી પુરાવી ન હતી અવારનવાર સર્જાતા વાદળિયા વાતાવરણના અંતે વરસાદી વાદળો વિખેરાઈ જતા વરસાદની આશ ઠગારી નિવડતી જોવા મળી રહી છે. જો કે આજે પણ સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે હમણાં ધોધમાર વરસાદ તુટી પડશે તેમ જણાંતુ હતુ પરંતુ વરસાદી વાદળો વાયરાની સાથે અદ્રશ્ય થઈ ગયા હતો જો કે થોડવાર માટે ઝરમરિયો વરસાદ વરસતા શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫.. .મી મી વરસાદ નોંધાયો છે. જયારે વરસાદી વાદળોની હાજરી વચ્ચે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનોએ અસાહ્ય ઉકળાટ અનુભવ્યો હતો.

ગાંધીનગમાં આ વર્ષે વરસાદનો મિજાજ તોફાની જોવા મળ્યો છે. જુલાઈ મહીનામાં પણ ગાજવીજ સાથે વરસાદ ખાબકયો હતો. સમગ્ર રાજયમાં વરસાદની તોફાની બેટીંગના લીધે ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે ગાંધીનગરમાં પણ બે થી ત્રણ વાર સુસવાટા મારતા પવન સાથે અસહ્ય વિજકડાકા સાથે વરસાદ ખાબકયો છે. શહેરમાં સિઝનનો સરેરાશ વરસાદ અંદાજિત ૬૫૦ મી મી જેટલો નોંધાય છે. જે મુજબ અત્યાર સુધી સિઝનનો ૫૩૪ મી મી જેટલો વરસાદ વરસ્યો છે. ૬૫ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. ચોમાસાના મધ્યાંતરે વરસાદના ત્રણ રાઉન્ડ બાદ હવે ચોથા રાઉન્ડમાં પણ વરસાદનો મિજાજ ઉગ્ર રહેશે તેમ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી ગોરંભાયેલા વરસાદી વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જતા નગરજનો ઉકળાટથી પરેશાન છે. આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે વાદળિયા વાતાવરણની સાથે બપોરના સમયે અચાનક જ સુસવાટા મારતો પવન પણ ફુંકાયો હતો જેના અંતે ઝરમરિયો વરસાદ પણ વરસ્યો હતો પરંતુ થોડીવાર ઝરમર વરસ્યા બાદ વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા જેના અંતે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદી વાદળો અદ્રશ્ય થઈ ગયા બાદ સાંજના સમયે પણ તડકી છાયડી વચ્ચે વરસાદી નઝારો પલે પલે બદલાતો નજરે પડયો હતો. વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો આકરો ઉકળાટ અનુભવી રહ્યા છે. શહેરમાં સિઝનનો નોંધપાત્ર વરસાદ થઈ ગયો છે. પરંતુ ભેજનુ પ્રમાણ સતત રહેતા વાતાવરણમાં અસહ્ય બફારો અનુભવી રહેલા નગરજનો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૦.૮ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે સવારે ભેજનુ પ્રમાણ ૯૦ ટકા અને સાંજે ૯૧

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યપાલ અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા મિશનની માફક કામ કરવા કલેકટર્સ-ડીડીઓને અનુરોધ

**ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસ્થાનેથી સીએમ ડેશબોર્ડના માધ્યમથી બંને મહાનુભાવો એ કલેકટર્સ- ડીડીઓ સાથે સંવાદ કર્યો**

ગાંધીનગર, તા.૧૦

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આજે રાજ્યના તમામ જિલ્લા કલેકટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની વેચાણ વ્યવસ્થા તાલુકા અને જિલ્લા કક્ષાએ વધુ સુદ્રઢ કરવા તથા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા મિશનની માફક કામ કરવા અનુરોધ કર્યો હતો. ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસ્થાનેથી સીએમ ડેશબોર્ડના માધ્યમથી બંને મહાનુભાવોએ કલેકટર્સ- ડીડીઓ સાથે સંવાદ કર્યો હતો.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કૃષિમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ઓછો થાય તે માટે સતત ચિંતિત છે. પ્રાકૃતિક ખેતી પરિણામદાયી ત્યારે જ કહેવાશે જ્યારે રાસાયણિક ખાતરનો ઉપયોગ આપણે ઓછો કરી શકીશું. રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી ભારતની ભૂમિ વેરાન થઈ ગઈ છે, હવા અને પાણી પ્રદૂષિત થયા છે, ગ્લોબલ વૉર્મિંગ જેવી સમસ્યાઓ સર્જાય છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક ખેતી જ એક માત્ર ઉકેલ છે. આપણે પ્રાકૃતિક ખેતીને મિશન બનાવીને દેશમાં મોટી ક્રાંતિ કરી શકીશું અને



● અનુસંધાન પાન-૭ પર

## અસાધારણ સભાની નોટીસ

**શ્રીરંગ પાર્ક સોસાયટીના તમામ સભાસદ તેમજ પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, વહિવટી કારણોસર અસાધારણ સભા તા. ૨૭-૮-૨૦૨૩ના રોજ ૪-૦૦ કલાકે સાંજે શ્રીરંગ પાર્ક સોસાયટીની ઓફિસ પર વાસણા હડમતીયા ગાંધીનગર ખાતે રાખેલ છે. તો તમામ સભાસદ/પ્લોટ ધારકને અચુક હાજર રહેવા વિનંતી.**

**સુરેશભાઈ પટેલ**
**પ્રમુખ**

# શહેરના સે-૧૭માં જ-કક્ષાના ૧૦૦ ભયજનક મકાનોનો તોડી પડાશે

**સેક્ટર-૧૭માં જોખમી મકાનો તોડી જગ્યા ખુલ્લી કારશે : સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવે છે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ પુર્વે કર્મચારીઓના વસવાટ માટે નિર્માણ કરાયેલા વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના હાલ રહેણાંકને લાયક રહ્યા નથી જયારે ભયજનક મકાનો તબક્કાવાર તોડવા માટે પણ વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવે છે. સે-૧૭ માં પણ જ કક્ષાના ૧૦૦ જેટલા જોખમી મકાનો તોડવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરના સેકટરોમાં પાંચ દાયકા જુના સરકારી આવાસો અસ્તિત્વ ધરાવે છે. જયારે આ સરકારી આવાસો મામલે અગાઉ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો જેમાં સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૫ હજારથી વધુ મકાનો રહેણાંકને લાયક ન હોવાનુ ચિત્ર પણ સ્પષ્ટ થયુ છે. જો કે આ મકાનો રહેણાંકનો લાયક ન હોવાથી કર્મચારીઓને આવાસ ફાળવવાની કામગીરી પણ પ્રભાવિત છે. તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે પાટનગર યોજના વિભાગ દ્વારા પણ વિવિધ કેટેગરીના મકાનોનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જુના કંગાળ અને જોખમી મકાનોને તબક્કવાર તોડવામાં પણ આવી રહ્યા છે. અલબત્ત તેનો નિકાલ કરીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી શહેરના સે-૬, ૭ , સે- ૧૨, ૧૩, ૧૬, સે-૧૭ સે-૯ સે-૨૮ , સે-૨૯ અને સે-૩૦ માં પણ દાયકાઓ જુના મકાનોનો કડુસલો કરી દેવામાં આવ્યો છે. જુના મકાનોની સામે નવી અદ્યતન ટાવર કોલોની બાંધવા માટે પણ કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે. જોખમી મકાનો તોડવા માટે તંત્ર દ્વારા તબક્કવાર દરખાસ્ત કરવામાં આવી રહી છે. જયારે નવા મકાનો બાંધવા માટે પણ ઉપલબ્ધ ખુલ્લી જગ્યામાં પ્લાનીંગ કરવામાં આવી રહ્યુ છે. શહેરના સે- ૧૭ માં પણ વર્ષો જુના આવાસો બિન ઉપયોગી બન્યા છે. અગાઉ એમ એલ એ કવાટર્સના નિર્માણને અનુલક્ષીને પણ ભયજનક મકાનો તોડવામાં આવ્યા હતા જયારે હાલ પણ જોખમી મકાનો અસ્તિત્વ ધરાવે છે. જેને અનુલક્ષી સેકટરમાં સ્થિત જ

● અનુસંધાન પાન-૭ પર

## એક્ટિવ સિસ્ટમ ન હોવાથી રાજ્યમાં ક્યાંય ભારે વરસાદની આગાહી નથી

**રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતાઓ**

ગાંધીનગર, તા.૧૦

હવામાન વિભાગે રાજ્યમાં રાજ્યમાં હાલ કોઈ વરસાદની એક્ટિવ સિસ્ટમ ન હોવાનું જણાવીને ભારે વરસાદની સંભાવનાઓ નકારી છે. આવામાં રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતાઓ પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેમાં એકાદ ભાગમાં સામાન્ય વરસાદ પણ થવાની શક્યતાઓ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ હળવા વરસાદી ઝાપટાં થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. જેમાં આજે સવારે શહેરના કેટલાક ભાગોમાં ઝરમર-ઝરમર વરસાદ થયો હતો. હાલ રાજ્યમાં વરાપ છે ત્યારે ખેડૂતો માટે સારી ખબર છે, કારણ કે ત્રણ રાઉન્ડમાં થયેલા ભારે વરસાદના કારણે ખેતીના જરુરી કામ અટકી પડ્યા હતા. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતી દ્વારા રાજ્યમાં કેવો વરસાદ રહેશે તેવી સંભાવના બુધવારે વ્યક્ત કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં મોટાભાગે હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી, ડૉ. મોહંતીએ રાજ્યમાં છૂટોછવાયો વરસાદ અઠવાડિયા દરમિયાન રહેવાની આગાહી કરી હતી. હવામાન વિભાગે કરેલી આગાહીમાં આજના દિવસે દમણ, દાદરા નગર હવેલી, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, કચ્છ અને દીવમાં હળવો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આ પછી પણ ૧૬ ઓગસ્ટ સુધી રાજ્યના આ ભાગોમાં તથા ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે, હવામાન વિભાગ દ્વારા ક્યાંય ભારે વરસાદની શક્યતાઓ ન હોવાનું જણાવવામાં આવ્યું છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com